



# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ પરમ પૂજ્ય અશ્વિનદાદા

વચનામૃત મર્મ : ગઢડા પ્રથમ પ્રકરણ -૬૮,

'અષ્ટ પ્રકારની પ્રતિમામાં અને સંતમાં અખંડ રહ્યાનું'નું નિરૂપણ

૨૦ માર્ચ ૨૦૧૮, વચનામૃત પારાયણ, ઉપાસના ધામ, વેમાર

(ગયા અંકથી ચાલુ...)

**શ્રી** અક્ષરપુરુષોત્તમની ઉપાસનામાં બહુ અઘરા શબ્દોને બહુ સહેલા કરીને સમજાવ્યા છે. 'બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ઉપાસના કરવી.' મૂર્તિ દ્વારા અને મૂર્તિ જેમણે પધરાવી છે તે સંત દ્વારા આપણે બ્રહ્મરૂપે રહેતા થવાનું છે અને પરબ્રહ્મ પરમાત્માને ધારણ કરવાના છે; એવી ભક્તિ આપણે કરવાની છે. પણ શરૂઆત નવધા ભક્તિથી થાય છે. નવધા ભક્તિનો ભાવ અર્પણ કરવા માટે મૂર્તિ પ્રતીક સ્વરૂપે પધરાવી છે.

મનની અંદર ઊતરીને, ઇન્દ્રિયો-અંતઃકરણને ભગવાનના સ્વરૂપ સાથે જોડવી, ભગવાનની મૂર્તિઓ સાથે જોડવી; એના માટેનું જે સ્થાન એ મંદિર. આપણને કોઈ પૂછે કે, 'ક્યાં જાવ છો ?' તો કહીએ, 'મંદિરે.' કેટલો સુંદર જવાબ કે, 'મંદિરે જઈએ છીએ !' ભગવાનને ધારીને રહ્યા છે એવા મારા ગુરુએ જ્યાં ભગવાનને પધરાવ્યા છે, એ ભગવાનની સાથેનો મારો ભાવ જોડવા, એમની સાથેનો મારો સંબંધ દૃઢ કરવા મંદિરે જઈએ છીએ. શ્રી સ્વામિનારાયણ ભગવાને 'શિક્ષાપત્રી'માં પણ આજ્ઞા કરી છે કે, પોતાના ઘરની નજીક ભગવાનનું મંદિર હોય તો પ્રાતઃ કાળે અને સાયંકાળે દેવમંદિરે જઈને ભગવાનનાં દર્શન કરવાનો નિયમ રાખવો.

અહીંયાં વેમારમાં ભક્તો ગામથી છેક પાદરે મંદિરે આવીને નિત્ય સવારમાં દર્શન કરે, ધૂન કરે, કીર્તન કરે, સાંજે સંધ્યા-વંદના કરે, સત્સંગ થાય; એ નિયમ છે. અને નિયમ એક નિસરણી છે, એ નિયમના આધારે એક એક ડગલું નવધા ભક્તિનું ઉપર ચડતું જવાય છે. નિયમ ના રાખ્યો હોય તો ઠેકાણું ના રહે, એટલે નિયમ તો રાખવો જોઈએ. જાણીને આનંદ થાય છે કે, એકાદશીએ, પૂનમે, આજુબાજુના વિસ્તારનાં ગામોમાંથી હરિભક્તો પદયાત્રા કરીને અહીં મંદિરે આવે છે. એનો એમને એક આધાર થઈ ગયો છે, નિયમ થઈ ગયો છે. શ્રવણમ્, કીર્તનમ્‌થી શરૂ કરીને છેલ્લે આત્મ નિવેદનમ્ - 'હું પ્રભુનો ને પ્રભુ મારા, મારું જીવન તમને અર્પણ કરી દીધું', એવા ભક્તિના શ્રેષ્ઠ ભાવ સુધી પહોંચવાની નવધા ભક્તિ વૈષ્ણવી પરંપરાનાં આપણાં શાસ્ત્રોએ બતાવી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ એ જ નવધા ભક્તિની પરંપરાને અનુસર્યા અને પોતાના ભક્તોને ભક્તિના માર્ગે ચલાવવા માટે એમણે શિખરબદ્ધ મંદિરો કરી એમાં ભગવાનની મૂર્તિઓ પધરાવી. ગામોગામ એમની હયાતીમાં એમણે જે મંદિરો કર્યાં, એમાં પણ એમણે ભગવાનનાં વિવિધ સ્વરૂપો પધરાવ્યાં. એમાંનું એક સ્વરૂપ એમણે ગઢડામાં 'શ્રી વાસુદેવ નારાયણ'ના સ્વરૂપે પધરાવ્યું. એ મંદિરના ચોકમાં-દાદા ખાચરના દરબારમાં લીમડાના વૃક્ષ હેઠળ બેસીને ભગવાનની મૂર્તિના માહાત્મ્યની આ વાત તેઓ કરી રહ્યા છે કે, 'ભગવાનના મંદિરમાં જે મૂર્તિ પધરાવી છે એમાં હું અખંડ રહ્યો છું, અને એ મૂર્તિના માધ્યમ દ્વારા અને મારા બ્રહ્મસ્વરૂપ સંતના માધ્યમ દ્વારા હું તમને સર્વને જોઉં છું તથા તમારા સર્વની વાતને સાંભળું છું.'

આપણને બધાને પણ આ મૂર્તિઓ માટે એવો ભાવ છે, આપણને એટલી તો ખબર છે કે, ભગવાન સાંભળે છે અને એટલે તો આપણે અહીંયાં આવીને જાતજાતની અરજીઓ નાખીએ છીએ. આપણે એવું માનીએ છીએ કે, આ મૂર્તિ દ્વારા ભગવાન જુએ છે, સાંભળે છે અને જે પાંચ ઇન્દ્રિયો દ્વારા આપણે જીવીએ છીએ, એ પાંચેય ઇન્દ્રિયો સહિત આપણા ભાવનો તેઓ સ્વીકાર કરે છે. એટલે તમે પાટોત્સવના દિવસે

જરા ધ્યાનથી જોજો. પુરોહિતો પૂજા કરાવે ત્યારે ભગવાનની પાંચેય ઇન્દ્રિયોને સ્પર્શ કરાવડાવે છે. એમના નેત્રને, એમના કર્ણને, એમના હોઠને સ્પર્શ કરાવે અને એમ એમના ચરણથી માંડીને મસ્તક સુધીની બધી ઇન્દ્રિયોમાં શક્તિનો સંચાર થાય છે, પ્રાણનો સંચાર થાય છે. એ મૂર્તિ જીવંત છે, એવો ભાવ લાવવાની આ જે વિધિ છે, એને આપણે પ્રાણપ્રતિષ્ઠા વિધિ કહીએ છીએ – મૂર્તિમાં પ્રાણ આવ્યો. જયપુરમાં કારીગરોએ જ્યાં સુધી ટાંકણે કોતરીને એ મૂર્તિને કંડારી ત્યાં સુધી એ પથ્થર હતો. એને ટ્રાન્સપૉર્ટમાં લઈ આવ્યા, ગમે તે માણસોએ ગમે તેવા હાથથી, ગમે તેવા ભાવથી એની જોડે કામ કર્યું, વ્યવહાર કર્યો. પણ પછી એ અહીંયાં પધરાવીને જ્યારે સંતભગવંત સાહેબદાદાએ, પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીએ સ્વયં પધારીને એમાં પ્રાણનો સંચાર કર્યો ત્યારે એ મૂર્તિ જીવંત થઈ ગઈ. અને આપણા માટે આપણી મનોકામનાઓ, આપણી અરજીઓ રજૂ કરવાનું એક ઠેકાણું થઈ ગયું. એટલે અહીં મૂર્તિ સમક્ષ કહેવું, જે હોય તે કહેવું. એની સાથે વઢવું, ઝઘડવું, બાખડવું ; જે કંઈ પણ હોય તે કહેવું, પણ એવી શ્રદ્ધાએ સહિત કહેવું કે, તે સાંભળે છે. એટલે પહેલાં આવી સકામ ભક્તિ અને એમાંથી પછી નિષ્કામ ભક્તિ !

સાકાર ભક્તિ – સાકારની ઉપાસનાની સાથે જોડાય છે સકામ ભક્તિ. જે કંઈ પણ મનોકામનાઓ–મનોરથ છે તે પ્રભુ પૂર્ણ કરે અને પૂર્ણ થાય તો માનતા પૂરી થઈ કહેવાય. પછી માનતા રાખી હોય તે પ્રમાણે આપણે એની પૂર્તિ કરી દઈએ. એક મજાની વાત કરું. એક માજીનો દીકરો બીમાર હશે તેથી તેમણે બાધા–માનતા રાખી કે, 'જો મારો દીકરો સાજો થઈ જાય તો આભ જેટલી રોટી હું તમને ચડાવીશ.' 'આભ જેટલી રોટી' બોલવામાં ક્યાં પૈસા પડે છે ! અને સાચે જ, તેમણે જે મનોકામના કરી હતી તે ભગવાને સાંભળી. ભલે મૂર્ત રૂપમાં હોય કે અમૂર્ત રૂપમાં હોય પણ છે તો બધે ભગવાન જ. ભગવાનનો ભાવ લાવીને જ માજીએ પોતાના પુત્રના આરોગ્ય માટે પ્રાર્થના કરી તો દીકરો સાજો થઈ ગયો. હસતો–રમતો, ખેલતો–કૂદતો, ગામમાં તોફાન–મસ્તી કરતો થઈ ગયો. એટલે આડોશી–પાડોશીઓ માજીને યાદ કરાવે કે, 'પેલી માનતા પૂરી કરી ?' તમે જુઓ, આપણું કામ થઈ જાય પછી આપણે મુદત નાખીએ છીએ કે, જઈશું, સગવડ થશે ત્યારે કરીશું, એ બોલાવશે ત્યારે જઈશું. પણ હું કબૂલ કરી આવ્યો છું, એ આપણે ધ્યાનમાં લેતા નથી. બહુ બધા આડોશી–પાડોશીએ પૂછવા માંડ્યું એટલે માજીએ કહ્યું, 'મારે રોટી તો ચઢાવવી છે, પણ એવડી તાવડી શોધું છું, તાવડી મળે તો રોટી શેકું ને!' બોલો હવે આ ભગતને શું કહેવું ? ક્યારેક ઓછા–વધતા અંશે આપણે પણ આવા જ છીએ.

મૂળ વાત પર આવીએ તો ભગવાને શાસ્ત્રની વાત કરી કે, ***'શાસ્ત્રમાં પણ એવાં વચન છે જે, 'શુકજી વૃક્ષમાં રહીને બોલ્યા હતા.' માટે મોટા જે સત્પુરુષ હોય અથવા જે પરમેશ્વર હોય તે જ્યાં ઇચ્છા આવે ત્યાં પ્રવેશ કરે છે.'*** અહીંયાં શુકદેવજીને સંભાર્યા છે. સાહેબદાદાનું બહુ આદર્શ ને પ્રિય પાત્ર શુકદેવજી ! અમને સાધકોને, સંતોને સાહેબદાદા એમ કહે કે, 'શુકદેવજી આપણા આદર્શ છે.' સાધુ થયા, સંન્યાસી થયા, પણ કેવા થવું ? તો શુકદેવજી જેવા થવું. શુકદેવજી ભગવાન વેદવ્યાસના પુત્ર હતા. એમને ભગવાન ભજવા હતા એટલે ગૃહત્યાગ કરીને નીકળી ગયા. જન્મજાત સાધુ ! ભગવાનની સાધનાનો મંત્ર સાથે લઈને આવ્યા હતા એટલે એમણે ગૃહત્યાગ કર્યો. ભગવાન વેદવ્યાસને ખબર પડી કે, દીકરો ભગવાનને શોધવા માટે નીકળ્યો છે, એટલે એમણે પોકાર કર્યો કે, 'શુકદેવજી જ્યાં હોવ ત્યાં ઊભા રહો, અને ઘરે પાછા આવો.' ત્યારે આવા મૉબાઈલ નહોતા, પણ મૉબાઈલનો ટાવર જેમ કામ કરે છે અને સંદેશા મોકલે છે, એમ બ્રહ્મ વ્યાપક છે એ વાત આ દૃષ્ટાંત દ્વારા શાસ્ત્રમાં સમજાવી છે. શુકદેવજી જોજન દૂર નીકળી ગયેલા, એમણે એમના પિતાજીનો અવાજ સાંભળ્યો કે, પિતાજી મને પાછો બોલાવી રહ્યા છે. પણ શુકદેવજી પાછા ના આવ્યા. શુકદેવજી પણ એવા હતા કે, ત્યાં રહ્યા રહ્યા એમણે પણ એવી રીતે જાણે મૉબાઈલ પર જવાબ આપી દીધો. શાસ્ત્રોની કથા એમ કહે છે કે, પાંદડે પાંદડે એ શબ્દોનાં આંદોલનો છે. હવે તો બધું બહુ શોધી કાઢ્યું છે ફિઝિક્સે કે, બોલેલા શબ્દો આ વાતાવરણમાં એનાં આંદોલનો દ્વારા વર્ષો સુધી સચવાઈ રહે છે. અને હવે તો ભગવાન શ્રીકૃષ્ણે 'ભગવદ્ ગીતા'ની જે વાણી ઉચ્ચારી, એ વાણીના શબ્દોને પાછા માધ્યમમાં લાવવાની શોધખોળ ચાલી રહી છે. કારણ કે, બ્રહ્માંડમાં એ નાદબ્રહ્મ હજુ ગૂંજી રહ્યો છે, પણ એને રિસિવ કરવા માટેનું રિસીવર હજુ આપણી પાસે નથી એટલે આપણે આ શાસ્ત્રનો આધાર લઈએ છીએ.

ભગવાને કહ્યું છે કે, 'હું મારી મૂર્તિ દ્વારા, મારાં શાસ્ત્ર દ્વારા, મારાં વચન દ્વારા, મારા સંતો દ્વારા અને મારા ભક્તો દ્વારા પ્રગટ છું. એટલે સૌનાંય હૃદયમાં, ચિદાકાશમાં સદાને માટે બિરાજમાન છું.' આમ, ભગવાન સર્વ ઠેકાણે છે. આપણે કહીએ છીએ કે, 'ઘટઘટમાં ને કણકણમાં પ્રભુનો વાસ છે.' એમ સંતોએ પણ પોતાના કીર્તનમાં, પોતાની ભક્તિના ભાવમાં, ભગવદ્ભાવમાં આ બ્રહ્મભાવનું દર્શન કરાવ્યું છે.

તો શુકદેવજી જવાબ મોકલે છે કે, 'ભગવાનને માર્ગે નીકળ્યો છું તો હવે પાછો ઘરના માર્ગે પાછો વળીશ નહીં.' એટલે ફરી પાછા વ્યાસજી એમ કહે છે કે, 'ભલે, પણ જો ભગવાન મેળવવા હોય તો ગુરુ જોઈશે.'

આટલાં બધાં શાસ્ત્રોના રચયિતા જેના પિતા છે, તે પુત્ર પણ ભગવાનની શોધમાં ગુરુ કરવા માટે અને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે નીકળે છે. ફરીથી વ્યાસજી એમ કહે છે કે, 'ઠીક છે, તો જનકને તું ગુરુ કરજે.' જનક રાજા હતા. રાજપાટ કરતા હતા. પાંચ ઈન્દ્રિયોના માધ્યમ દ્વારા ક્રિયા કરતા હોવા છતાંય પણ એ વિદેહી અવસ્થાને પામી ગયા હતા, બ્રહ્મભાવને પામી ગયા હતા.

પણ તમે જુઓ, અહીંયાં ભગવાન શ્રી સ્વામિનારાયણ શુકદેવજીને સંભારે છે. ગૃહસ્થ હોઈએ કે સંન્યાસી હોઈએ, એ શુકદેવજી આપણા સૌનાય આદર્શ છે. રાજા પરીક્ષિતને જ્યારે ઋષિનું અપમાન કરવાથી શાપ થાય છે કે, સાત દિવસમાં મૃત્યુ થવાનું છે, ત્યારે રાજાને ભગવદ્ અનુભૂતિ કરવી છે અને મોક્ષને પ્રાપ્ત કરવો છે. એટલે રાજા કહે છે કે, 'કો'ક ગુરુ શોધી લાવો, સાધુ શોધી લાવો કે, જે મને ભગવદ્ અનુભૂતિ કરાવે અને મોક્ષ કરાવે.' આપણે સૌ જાણીએ છીએ અને ભાગવતની કથા છે કે, કેટલા બધા સાધુ-સંન્યાસીઓ, વૈરાગી બાવાઓ, આ સંસારમાં હતા, પણ સુજ્ઞજનો શુકદેવજીને નિમંત્રી લાવ્યા. એટલે સાહેબદાદાએ શુકદેવજીને પોતાના આદર્શ માન્યા કે, એવા સંત બનવું કે, જે પોતે બ્રહ્મરૂપે રહીને પરબ્રહ્મની ઉપાસના કરતા હોય. શુકદેવજી બ્રહ્મરૂપે રહીને પરબ્રહ્મની ઉપાસના કરતા હતા અને તો એ સંસારમાં રચ્યાપચ્યા અને ઋષિનું અપમાન કરવાનો અવિવેક કરનારા રાજાનો પણ મોક્ષ કરી શક્યા.

***...શુકજી વૃક્ષમાં રહીને બોલ્યા હતા. માટે મોટા જે સત્પુરુષ હોય અથવા પરમેશ્વર હોય તે જ્યાં ઈચ્છા આવે ત્યાં પ્રવેશ કરે છે...***

આગળ આવ્યું સમાધિનિષ્ઠ. બીજો ગુણ આવ્યો 'મોટા સત્પુરુષ'. સત્પુરુષ - સત્યરૂપ પરમાત્મા સાથે જેનું અખંડ અનુસંધાન છે એ સત્પુરુષ. સત્યના માર્ગે ચાલે છે ને ચલાવે છે તે સત્પુરુષ. સત્પુરુષની વ્યાખ્યા કરવી હોય તો અનેક શબ્દોનો આધાર આપણને મળે, પણ અહીંયાં સત્યપુરુષ - સાચા પુરુષ છે. એમનામાં કશું અસત્ય છે નહીં. અને સત્ય એક જ છે, 'બ્રહ્મ સત્ય, જગત મિથ્યા.' એવું પણ જ્ઞાન આપણે સાંભળ્યું છે. બ્રહ્મ સત્ય છે અને બાકીનું બધું જે જગત છે એ મિથ્યા છે, એટલે કે, સ્વપ્નવત્ છે. બ્રહ્મ સત્ય છે એટલે કે, એવા જે બ્રહ્મસ્વરૂપ છે એ સત્પુરુષ છે- સાચો માણસ છે, સારો માણસ છે, ઓળખવા જેવો છે, સંગ કરવા જેવો છે. સાહેબદાદા માટે આપણે આ બધાં વિશેષણો વાપરી શકીએ. સારો માણસ છે, મળવા જેવો માણસ છે, જાણવા જેવો માણસ છે. અને એનાથી આગળ, માણવા જેવો માણસ છે. જાણવું એ જુદું છે, પણ જેનું સાંનિધ્ય માણવા જેવું છે, એ છે સત્પુરુષ !

***...માટે તે પરમેશ્વરે પોતાની આજ્ઞાએ કરીને જે મૂર્તિ પૂજવા આપી હોય તે મૂર્તિ અષ્ટ પ્રકારની કહી છે. તેમાં પોતે સાક્ષાત્ પ્રવેશ કરીને વિરાજમાન રહે છે. તે મૂર્તિને જે ભગવાનનો ભક્ત પૂજતો હોય, ત્યારે જેમ પ્રત્યક્ષ ભગવાન વિરાજતા હોય અને તેની મર્યાદા રાખે તેમ તે મૂર્તિની પણ રાખી જોઈએ અને તેમ જ સંતના હૃદયમાં ભગવાનની મૂર્તિ રહી છે તે સંતની પણ મર્યાદા રાખી જોઈએ...***

જુઓ ભગવાન અને સંત... ભગવાન અને સંત... ભગવાન અને સંત... 'વચનામૃત'નાં પાને પાને શ્રીહરિએ સંતના મહિમાની વાત કરી છે. અને આપણે ભાગ્યશાળી છીએ કે, એવા બ્રહ્મસ્વરૂપ સંત આપણને પ્રાપ્ત થયા છે. એના અનુસંધાનમાં આવે એવા આ 'પ્રથમના ૬૮ના વચનામૃત'થી આપણે વચનામૃતના પારાયણની શરૂઆત કરીએ છીએ. આની આ વાત બીજા વચનામૃતોમાં, બીજા શબ્દો દ્વારા ભગવાને વારે વારે કહી છે એટલે આ વાત અગત્યની છે અને આત્મસાત્ કરવા જેવી છે. અને કહ્યું કે, ***'જે ભગવાનના સંત છે તેના હૃદયમાં પણ ભગવાનની મૂર્તિ રહી છે. તો જેમ ભગવાનની મૂર્તિની મર્યાદા રાખીએ છીએ, તેમ સંતની પણ મર્યાદા રાખી જોઈએ.'*** તે તો એ ભક્ત લેશમાત્ર રાખતો નથી.

આપણી વાત કરે છે. લેશમાત્ર - જરીકેય નહીં. અમને શું ફેર પડે છે ? તમે હોવ કે ના હોવ, અમે તો બંદા અમારી રીતે જ જીવવાના, એની આ વાત નથી - પણ ભક્તની વાત છે. અને જે ભક્ત છે તો એનામાં જે પ્રાથમિક ગુણો, એ પ્રાથમિક ગુણોમાં માહાત્મ્ય એ પાયો છે. ભગવાનની મૂર્તિનું માહાત્મ્ય ! ભગવાનના સંતનું માહાત્મ્ય ! તો પછી ભગવાનના ભક્તના માહાત્મ્ય સુધી પહોંચી શકાય છે. ને ખરી પ્રાપ્તિ તો ભગવાનના ભક્તના માહાત્મ્ય સુધી પહોંચવાની છે. એટલે લેશમાત્ર - સહેજ - થોડીકેય મર્યાદા રાખતા નથી. કેમ ? કારણ, એટલી બધી નજદીકતા થઈ ગઈ છે. અને એ નજદીકતાને અંગ્રેજીમાં કહે છે ને કે 'ટેઈક ઈટ ફોર ગ્રાન્ટેડ' એમ આપણે માની લીધું છે, આપણને ફાવી ગયું છે.

બધા ગાદીપતિઓના સત્સંગમાં તમે જાવ તો - વલ્લભકુળનાં સંતાનો જે ગાદી પર બિરાજમાન હોય એમના ભક્તોને વૈષ્ણવો કહેવામાં આવે છે. એમના વૈષ્ણવો એમની એટલી બધી મર્યાદા રાખે, એટલી બધી આમન્યા રાખે ; એ મર્યાદા ને આમન્યામાંથી જ પૂજ્યભાવ પ્રગટે છે. તેઓ આપણા ખભે હાથ મૂકે એ વાત જુદી છે, એ એમનું

વાત્સલ્ય છે. પુત્રવત્ આપણને તેઓ પ્રેમ આપે છે કારણ, તેઓ આપણા પિતા તુલ્ય છે, એ આપણા માવતર છે. એ આપણા ખભે હાથ મૂકે તો એ એમણે એમનું વહાલ વરસાવ્યું કહેવાય, પણ આપણે ભાઈબંધ સમજીને એમના ખભા ઉપર હાથ ના મૂકાય. આ ખાલી નિમિત્ત દૃષ્ટાંત છે. પણ એમની આમન્યા રાખવી પડે, એમની મર્યાદા રાખવી પડે! એનો અર્થ એવો નથી કે, એમનાથી બીને છેટે છેટે રહેવાનું. એમાંય આપણા સાહેબદાદા તો ભગવાં વસ્ત્ર વગરના, કોઈ પ્રકારનો આચાર્યપદનો ઠાઠમાઠ નહીં અને કોઈ આગળ-પાછળ છડી પોકારીને કે છત્રી લઈને ચાલનારા નહીં. આપણા જેવા જ થઈને આપણી વચ્ચે રહે એટલે આપણે બહુ જ ભૂલ-થાપમાં પડી જઈએ. આપણા પક્ષે બહુ મોટી ખોટની આ વાત છે.

અહીંયાં સ્વામિનારાયણ ભગવાને ચિત્રપ્રતિમાની, પાષાણ પ્રતિમાની, કાષ્ઠ પ્રતિમાની પણ જો આટલી મર્યાદા રાખવાની કહી હોય તો જીવંત પ્રતિમા, જંગમ તીર્થ, હરતું-ફરતું તીર્થ, ભગવાનને લઈને, એ જ્યાં જાય ત્યાં તીર્થત્વ ઊભું થાય - એમણે આ તીર્થ રચ્યું. એમનાં પગલાં થયાં એ જંગમતીર્થ છે. એમનાં પગલાં થયાં તો આ સ્થાવર તીર્થ રચાઈ ગયું અને આપણને સૌનેય આ ભગવાનની મૂર્તિ સાથે જોડ્યા. પણ કોઈ જાતનો ઠાઠમાઠ, કશુંય કર્યા વગર આપણા જેવા થઈને, આપણી વચ્ચે એમ ને એમ આવે, આપણા જે ભાવ હોય એ ભાવ પ્રમાણે પોતે સામે ભાવ આપે, હેત-પ્રેમ બધું કરે. પણ રખે આપણે ભૂલમાં ના રહી જઈએ, ભૂલમાં ના પડી જઈએ. ભગવાનને ધારક તેઓ પરમ તત્ત્વ છે, ચેપી ચૈતન્ય છે. આપણને અડક્યું તો આપણે ધન્ય થઈ ગયા ! બહુ થઈ ગયું, બસ થઈ ગયું ! આવા ભાવથી જ્યારે આપણે એમનાં દર્શન, સ્પર્શન, પ્રસાદી અને વાતોના માધ્યમથી જો સુખ લઈએ તો ભક્તો માટે આ બહુ અગત્યની વાત છે.

આપણો સત્સંગ એટલી બધી ઊંચી ભૂમિકાએ જીવી રહ્યો છે કે, શાંતિદાદાએ આંખમાં ઝળઝળિયાં સાથે બહુ સુંદર એક વાત કરી, એનો ઉલ્લેખ કરવાનું મન થાય છે. હમણાં સંતોને દક્ષિણ ભારતની યાત્રાએ જવાનો કાર્યક્રમ ગોઠવાયો હતો. સાહેબદાદા અને સાહેબના નિજ સેવકો સાથે પ્લેનમાં બુકિંગ થઈ ગયું હતું. એમાં સાહેબને ઓચિંતાનું લંડન જવાનું થયું. એટલે સાહેબદાદાએ શાંતિદાદા અને બાકીના સંતોને મોકલ્યા. મુખ્ય નિમંત્રણ આપનારા પ્રૉમિસભાઈ ચેન્નાઈ-મદ્રાસના, એમનો નવો આવાસ તૈયાર થયો ને સાહેબદાદાએ બહુ વખત પહેલાં એમને પ્રૉમિસ કરેલું કે, હું આવીશ. અને એ પ્રમાણે સાહેબદાદાની અનુમતિથી જ કાર્યક્રમ ગોઠવાયો, પણ સાહેબદાદા જઈ ના શક્યા. ત્યારે શાંતિદાદા અને આવેલા સંતોને વિશે સાહેબ જ પધાર્યા છે એવા ભાવથી એ દક્ષિણ ભારતના ભક્તોએ સત્સંગ કર્યો.

ફોનથી તો સાહેબદાદાએ પ્રૉમિસભાઈને કહ્યું કે, 'સોરી, હું આવી નથી શક્યો, પણ પછીથી જરૂર આવીશ.' પેલાએ કહ્યું, 'સાહેબદાદા, કંઈ વાંધો નહી, શાંતિદાદા આવ્યા છે ને એટલે તમે જ આવ્યા છો.' શાંતિદાદાને ફ્લાઈટ ઉપર મૂકવા માટે જ્યારે આવ્યા, ત્યારે કહ્યું કે, 'સૉરી બેટા ! તારા સંકલ્પ પ્રમાણે સાહેબદાદા આવી ના શક્યા, પણ એમની આજ્ઞાથી અમે આવ્યા ને હાંહાંગડથલ કરી.' તો પેલો ભક્ત એમ કહે છે કે, 'હું એવું માનતો જ નથી કે, સાહેબદાદા આવ્યા નથી.' આ સાંભળીને શાંતિદાદાની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. શાંતિદાદાને વિશે આ ભક્તે આવો ભાવ ધર્યો. અહીંયાં કહે છે ને કે, 'એનામાં પ્રવેશ કરે છે...' આ વાત સમજજો. સાહેબદાદા સદેહે જઈ નહીં શક્યા, પણ એમણે શાંતિદાદામાં પ્રવેશ કર્યો અને ભક્તનો મનોરથ પૂરો કર્યો. અને એ ભક્ત પણ બોલ્યો કે, 'હું માનતો જ નથી કે, સાહેબદાદા આવ્યા નથી.'

ત્યારે સ્વાભાવિક છે કે, શાંતિદાદાને તો એવું થાય કે, 'હું કાંઈ ઓછો સાહેબ બરોબર છું, કે હું આવ્યો એટલે સાહેબ આવ્યા ?' પણ ધન્ય છે આ ભક્તોને કે, આવો ભાવ રાખે છે ! કેટલી સમજણ આગળ વધી છે ! કેટલી સમજણ આધ્યાત્મિક રીતે ઊંચાઈને પામી છે ! એ 'બ્રહ્મ સર્વ વ્યાપક છે', એ સમજણ તરફ આપણે આગળ વધી રહ્યા છીએ. અને ત્યારે આપણે સાવ આવા બાળકની માફક એમની સાથે વર્તીએ તો એમના દ્વારા જે બ્રહ્મતત્ત્વ પ્રાપ્ત કરવાનું છે, એમના શરીરના માધ્યમ દ્વારા જે બ્રહ્મસ્પર્શ પામવાનો છે, તેનાથી આપણે વંચિત ના રહી જઈએ ; એની ચિંતા થાય છે.

સાહેબ તો ઘણી વખત ગમ્મતમાં કહે કે, 'કેટલાક તો અમને એવું કહે છે, તમે તો અમને 'જય સ્વામિનારાયણ' પણ નથી કહેતા.' એ આપણો ભાવ છે અને આપણી અપેક્ષા છે કે, અમે જઈએ એટલે અમને બોલાવે. અને તોય તમે જુઓ, કોઈ પણ મહેમાન આવે એટલે સાહેબ શું કહે ? 'જમ્યા ?' સૌથી પહેલું આ પૂછે. 'ઊતારો કર્યો ?' એવું નથી પૂછતા કે, 'ઠાકોરજીનાં દર્શન કર્યાં ?' ખરેખર તો મંદિરે આવનારા દર્શનાર્થીએ સૌથી પહેલાં ઠાકોરજીનાં દર્શન કરવાનાં હોય પછી રહેવા-જમવાની વ્યવસ્થાની ચિંતા કરવાની છે. આ ભક્તિનો ભાવ આપણે શીખવાનો છે !

◆

(ક્રમશઃ)